# ઉત્તર ગુજરાતમાં અનરાધાર વરસાદ

**લાખણીમાં ૨૧ ઈંચ, સૂઈગામમાં ૧૯, ધાનેરામાં ૧૭, વાવમાં ૧૬, ભાભરમાં ૧૪, થરાદ, દાંતીવાડા, કાંકરેજમાં ૧૩ ઈંચ, ડીસા, નખત્રાણામાં ૧૨ અને ભૂજ, દીયોદરમાં ૧૦ ઈંચથી વધુ વરસાદ**

ગાંધીનગર, તા.૨૮

રાજયમાં છેલ્લા બે-ત્રણ દિવસથી વરસી રહેલા વરસાદે છેલ્લા ચોવીસ કલાક દરમિયાન ઉત્તર ગુજરાતમાં અનરાધાર રીતે વરસવાનું ચાલુ રાખ્યું છે. રાજયના ૧૮૭ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે, જેમાં ૨૮ તાલુકાઓમાં ૬થી ૨૧ ઈંચ જેટલો અને ૧૫૯ તાલુકાઓમાં પાંચ થી એક ઈંચ જેટલો વરસાદ વરસ્યો હોવાના અહેવાલો સાંપડયા છે.

રાજયના ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તા.૨૮/૦૭/૨૦૧૫ના રોજ સવારે ૭/૦૦ કલાકે પુરા થતા ચોવીસ કલાક દરમિયાન બનાસકાંઠા જિલ્લાના લાખણીમાં ૫૩૦ મી.મી. એટલે કે ૨૧ ઈંચ, સૂઈગામમાં ૪૮૦ મી.મી. એટલે કે ૧૯ ઈંચ, ધાનેરામાં ૪૩૫ મી.મી. એટલે કે, ૧૭ ઈંચ, વાવમાં ૪૧૬ મી.મી. એટલે કે ૧૬ ઈંચ, ભાભરમાં ૩૫૦ મી.મી. એટલે કે ૧૪ ઈંચ, થરાદમાં ૩૨૯ મી.મી., દાતીવાડામાં ૩૨૭ મી.મી. કાંકરેજમાં ૩૩૯ મી.મી. એટલેકે ૧૩ ઈંચ, ડીસામાં ૩૦૩ મી.મી. અને કચ્છ જિલ્લાના નખત્રાણામાં ૩૧૪મી.મી. એટલે કે ૧૨ ઈંચથી વધુ અને ભૂજમાં ૨૫૨ મી.મી., દીયોદરમાં ૨૫૫ મી.મી., એટલે કે ૧૦ ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે.

આ ઉપરાંત અંજાર તાલુકામાં ૨૩૪ મી.મી., રાપરમાં ૨૩૩ મી.મી. મળી કુલ બે તાલુકાઓમાં ૯ ઈંચ, શંખલપુરમાં ૧૯૯ મી.મી., પાટણમાં ૨૦૬ મી.મી., સરસ્વતીમાં ૨૦૬ મી.મી. પાલનપુરમાં ૨૧૮ મી.મી., ઉમરપાડામાં ૨૦૧ મી.મી. મળી કુલ ૫ તાલુકામાં આઠ ઈંચથી વધુ, સિદ્ધપુરમાં ૧૮૨ મી.મી., બોડેલીમાં ૧૭૭ મી.મી., વડગામમાં ૧૮૦ મી.મી., ઉંઝામાં ૧૮૦ મી.મી., ટંકારામાં ૧૮૪ મી.મી., મોરબીમાં ૧૯૨ મી.મી. મળી કુલ છ તાલુકાઓમાં સાત ઈંચથી વધુ, અમીરગઢમાં ૧૫૦ મી.મી., બેચરાજીમાં ૧૫૭ મી.મી., મહેસાણામાં ૧૫૯ મી.મી. મળી કુલ ત્રણ તાલુકાઓમાં ૬ ઈંચથી વધુ અને ગાંધીધામમાં ૧૪૨ મી.મી., લખપત ૧૨૩ મી.મી., ચાણસ્મામાં ૧૪૦ મી.મી., દાંતામાં ૧૩૫ મી.મી., જોટાણામાં ૧૩૩ મી.મી., તલોદમાં ૧૩૩ મી.મી., કવાંટમાં ૧૩૮ મી.મી., માળીયા મીયાણામાં ૧૨૭ મી.મી., જોડિયામાં ૧૩૦ મી.મી., વાંસદામાં ૧૩૬ મી.મી., ડાંગમાં ૧૪૨ મી.મી., વઘઈમાં ૧૪૧ મી.મી. મળી કુલ ૧૨ તાલુકાઓમાં પાંચ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે.

## પ્રાંતિજમાં પવન સાથે તોફાની વરસાદ

### તાલુકામાં અનેક જગ્યાએ તળાવો છલાકાયા : ભાંખરીયા તળાવ પણ દસ વર્ષે છલોછલ ભરાયું

### ગમે ત્યારે ઓવરફ્લો થવાની સંભાવના : ઠેર ઠેર વૃક્ષો ધરાશાયી : પતરાં-શેડ પણ ઉડતા નાસભાગ

પ્રાંતિજ, તા. ૨૮



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં મેઘરાજાની સાથે સવારથી જ પવન સાથે એન્ટ્રી થતા ઠેર ઠેર વૃક્ષો ધરાશાયી થવાના બનાવો બન્યા હતા અને પવન સાથે વરસાદ વરસતા જન જીવન ઉપર મોટી અસર જોવા મળી હતી.

પ્રાંતિજ તથા તાલુકામાં સવારથી જ ટપટપ ધીમીધારે તોફાની પવન સાથે વરસાદ પડતાજન જીવન ઉપર મોટી અસર પડી હતી અને વેપારીઓ પણ વેપાર ધંધો બંધ પાડી ઘરની અંદર ભરાઈ પડ્યા હતા અને સવારથી પવન તેજ રહેતા ઠેર ઠેર વૃક્ષો ધરાશાયી થયા હતા. જયારે ધીમીધારે વરસાદ ચાલુ રહેતા રેલવે સ્ટેશન ઉપર આવેલ વૃંદાવન સોસાયટી તથા શાન્તીનાથ સોસાયટીમાં કમર સુધી પાણી ભરાતાં પ્રાંતિજ મામલતદાર એ.એ. ડોડીયા સહિત નગરપાલિકા પ્રમુખ તથા સદસ્યો ડીઝાસ્ટર સ્ટાફ સહિત દોડી આવ્યા હતા. જ્યારે તેજ પવન ફૂંકાતા દુકાનો આગળ લટકાયેલા વિવિધ કંપનીના બોર્ડ રસ્તાઓ ઉપર ઉડતા જોવા મળ્યા હતા. અને કેટલીક જગ્યાએ શોપીંગો આગળ ઉભા કરેલ પતરાંના સેડ ઉડવાના બનાવો બન્યા હતા. જયારે પ્રાંતિજ બજારમાં વડ પડતા બે દુકાનોના કેબીન ભુક્કો થઈ ગયો હતો તો પલ્લાચર, અમીનપુર, વદરાડ, ઘડકણ, પોંગલુ, સીતવાડા, બોરીયા, ઓરાણ વગેરે જગ્યાઓ ઉપર આવેલ તળાવો છલકાયા હતા. જયારે પ્રાંતિજ ખાતે આવેલ ભાંખરીયા તળાવ પણ દસ વર્ષ પછી ઓવરફૂલ થતાં પ્રાંતિજવાસીઓમાં ખુશીની લહેર જોવા મળી હતી.

## મોડાસામાં ભરચોમાસે શાકભાજીના ભાવમાં ૨૫ ટકા જેટલો ભાવ વધારો

મોડાસા, તા.૨૮

જિલ્લામાં વરસાદી વાતાવરણની સાથે શાકમાર્કેટમાં પણ ગરમાવો ઉભો થવા પામ્યો છે. માર્કેટમાં શાકભાજીના ભાવ સાંભળીને ચોટીએ ઝાટકો આવી જાય છે. ડુંગળી, બટાકા સહિત અન્ય લીલા શાકભાજીમાં ૨૫ ટકા જેટલો ભાવ વધારો થતાં ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ગયું છે વરસાદી માહોલ અને લીલા શાકભાજીના પાકને વાતાવરણ અનુકૂળ ના આવતાં વિવિધ શાકભાજીમાં રોગચાળો આવી જતાં ઉત્પાદન પર માઠી અસર પડી છે. જેના કારણે લીલા શાકભાજીના ભાવો આસમાને પહોંચી ગયા છે. ડુંગળી પણ હાલ રૂ.૬૦થી રૂ.૭૦ પ્રતિ કિલોએ બજારમાં વેચાઈ રહી છે. તો બીજી તરફ ખેડુતોએ પકવેલા બટાકાના દલાલોવેપારીઓ પ્રતિ મણએ ભાવ રૂ.૪૦ આપી રહ્યા છે તો એ જ બટાકા શાક માર્કેટમાં રૂ. ૨૦ કિલો મળે છે.

## તોફાની પવન સાથે વરસાદે હિંમતનગરને ઘમરોળ્યું

**૩૦થી વધુ વૃક્ષો ધરાશયી**

હિંમતનગર શહેરમાં તોફાની વરસાદના કારણે ગિરધરનગર, આર એન્ડ બી ઓફીસ, સબજેલ, સિવિલ સર્કલ નજીક આવેલ પશુ દવાખાના, ગણપતિ મંદિર રોડ, સિધ્ધાર્થનગર, મહેતાપુરાના પાડા કેન્દ્ર નજીક ૩૦થી વધુ વૃક્ષો ધરાશયી થતા માર્ગો પરનો વાહન વ્યવહાર ઠપ્પ થઈ ગયો હતો.

**બાળકનું વીજ કરંટથી મોત**

હિંમતનગર નજીક આવેલ કિફાયતનગર વિસ્તારમાં ત્રણ વર્ષના સજાત મેમણ નામના બાળકને વીજ કરંટ લાગવાથી સોમવારે મોડી રાત્રે મોત નિપજયુ હતું. ભેજના કારણે ઘરમાં જ વીજ કરંટ ઉતરતા બાળકના મોતથી પરિવારમાં શોકની લાગણી વ્યાપી છે.

**શાળા-કોલેજો બંધ**

સતત વરસાદના કારણે હિંમતનગરમાં આવેલી મોટાભાગની શાળા, કોલેજ બંધ રહી હતી. મુખ્ય માર્કેટયાર્ડમાં પણ વેપારીઓ તથા ખેડૂતો ન આવતા માર્કેટયાર્ડ પણ સૂમસામ થયા હતા.

**હાથમતીમાં નવા નીર આવ્યા**

હિંમતનગરમાંથી પસાર થતી હાથમતી નદીમાં નવા નીર આવતા મહેતાપુરા નજીકના નીચલા પુલ પરથી નદીનું પાણી વહેતા વાહન વ્યવહાર બંધ કરી દેવાયો.

**વીજ પુરવઠો ખોરવાયો**

હિંમતનગરમાં ઠેર ઠેર વીજ થાંભલા તથા ઝાડ પડવાના કારણે વીજ પુરવઠો ખોરવાયો હતો. જી.ઈ.બી.ના કંટ્રોલરૂમમાં નાગરિકોએ ૩૦૦થી વધુ ફરિયાદો નોંધાવી હતી. અધિકારીઓ પોતાની મનસૂફી પ્રમાણે કામ કરી હોવાનું માલૂમ પડયુ હતું. સિવિલ હોસ્પિટલમાં પણ અંધારપટ છવાયો હતો.

**માર્ગો પર ગાબડા**

હિંમતનગર શહેરના જૂના બજાર, મહાવીરનગર, પોલોગ્રાઉન્ડ વિસ્તારમાં વરસાદી પાણી ભરાતા માર્ગ પર ઠેર ઠેર મોટા ગાબડા પડી ગયા હતા. જેના કારણે વાહન ચાલકો પરેશાન થયા હતા.

**ભારે વરસાદ પડવાની સંભાવના**

હિંમતનગરમાં છેલ્લા ચોવીસ કલાકમાં મુશળધાર વરસાદ વરસ્યો છે. નગરપાલિકાના કંટ્રોલરૂમમાં ફરજ બજાવતા તમામ કર્મચારીઓને સ્ટેન્ડ બાય રાખવાનો આદેશ કરાયો હતો.

**લોકો ઘરમાં પુરાઈ રહ્યા**

મંગળવારે દિવસ દરમિયાન તોફાની વરસાદની હેલી વચ્ચે મોટાભાગના લોકોએ ઘરમાં પુરાઈ રહેવાનું મુનાસીબ માન્યુ હતું. શાકભાજી, દૂધ સહિતની વસ્તુઓ ખરીદવા માટે લોકોને હાલાકી ભોગવવી પડી હતી.

**મકાન તૂટી પડતા મહિલાને ઈજા**

ભોલેશ્વર વિસ્તારમાં શારદાબેન કિશનભાઈ ભીલનું મકાન ધરાશયી થતા ઈજા થઈ હતી.

## મોડાસાની નોનયુઝ પ્રાથમિક શાળામાં જીવના જોખમે અભ્યાસ કરતા બાળકો


મોડાસા, તા.૨૮

સરકાર ધ્વારા પ્રાથમિક શાળાઓમાં બાળકોને અભ્યાસ માટે લાખ્ખો રૂપિયા ફાળવવામાં આવેછે પરંતુ પાયાની મૂળભૂત જરૂરીયાત એવા શાળાના મકાન ને નોનયુઝ કરી દેવા છતાં અરવલ્લી જિલા નાં મોડાસા નગર મા આવેલા લઘુમતી વિસ્તારના ૨૦૦ થી વધુ બાળકો મોતને મુઠ્ઠી મા લઈ શાળા મા ફફડતા જીવે અભ્યાસ કરી રહ્યા છે

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકામા કેટલીક શાળાઓ છેલ્લા ત્રણ ત્રણ વર્ષ થી નોનયુઝ કરી દેવાઈ હોવાના સર્ટીફીકેટ જવાબદાર અધિકારીઓ ધ્વારા આપવામાં આવ્યા છે. તે પૈકીના મોડાસાના લાઘુમતી વિસ્તાર એવા કોટ કોટ વિસ્તાર મા આવેલ પ્રાથમિક શાળા ન. ૫ અને ૬ ને ત્રણ વર્ષ પહેલા નોનયુઝ કરી દેવાઈ હતી ત્રણ વર્ષનો ગાળો વીતવા છતા આજ દિન સુધી આ શાળાનાં નોન યુઝ કરાયેલા ૧૭થી વધુ વર્ગોમાં ૨૪૨ થી વધુ બાળકો જીવના જોખમે અભ્યાસ કરી રહ્યા છે.

આ શાળા ને નોનયુઝ કરી દેવાયા બાદ દર ત્રણ મહીને એસએમસી સભ્યોની મીટીંગ મા ઠરાવ કરી જવાબદાર વહીવટી તંત્રને આ શાળાનું દુરસ્તી કરણ કરવા લેખિતમાં જાણ કરાય છે વર્તમાન સંજોગોમાં શાળાના બાળકો મોતને મુઠ્ઠી મા લઈ અભ્યાસ કરી રહ્યા છે

ત્રણ વર્ષ પહેલા કોટ વિસ્તારમાં આવેલી શાળા ન ૬ નાં ૭ વર્ગો ને નોનયુઝ કરતા વૈકલ્પિક વ્યવસ્થા રૂપે શાળા ન ૫ મા બાળકોને બેસાડવામાં આવતા હતા પરંતુ થોડાક જ માસમાં શાળા ન ૫ પણ નોનયુઝ કરી દેવાઈ હતી. શાળાના કોમ્પ્યુટર રૂમમાં બાળકોના અભ્યાસ માટે લાખ્ખો રૂપિયાના કોમ્પ્યુટર મુકવામાં આવ્યા છે આ વર્ગ પણ નોન યુઝ હોવા છતા કોઈ વ્યવસ્થા ન હોવાથી બાળકોને કોમ્પ્યુટરનું જ્ઞાન પણ સતત ભય વચ્ચે આપવાની ફરજ પડેછે ત્યારે શાળાના શિક્ષકો પણ બાળકોના હિત માટે સમગ્ર શાળાનું દુરસ્તી કરણ કરવામાં આવે તે અત્યંત આવશ્યક છે



મોડાસા સાઈ મંદિર નજીક આવેલ ઓધારી તળાવ ભારે વરસાદ ને પગલે ઓવર ફ્લો થઈ જતા તળાવ ને જોવ લોકો ના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા તો બીજી બાજુ ઉપર વાસ માં ભારે વરસાદ વરસવાના કરને મજુમ ડેમ માંથી પાણી છોડતા મોડાસા ની ગેબી પુલને અડીને પાણી જતા ત્યાં પણ લોકોના ટોળા આ નજારો જોવા ઉમટી પડ્યા હતા. **તસવીર : સમીર બલોચ, મોડાસા**

## અહો આશ્ચર્યમ્ : ટેટ-ટુની પરીક્ષામાં એક નહીં ૧૩-૧૩ છબરડા

મોડાસા, તા.૨૮

રાજયની શાળાઓમાં શિક્ષક બનવા માટેની ફરજીયાત ટેટર પરીક્ષા રવિવારે રાજયમાં યોજાઈ ગઈ. જેમાં ભાવિ શિક્ષકોને છબરડા વાળાં પ્રશ્નપત્રો અપાતાં રાજયના શિક્ષણ વિભાગ તેમજ પેપર તૈયાર કરતા રાજય પરીક્ષા બોર્ડ ઉપર પસ્તાળ પડી છે. ટેટર પરીક્ષામાં પૂછાયેલા ૧૫૦ માર્કસના પ્રશ્નપત્રમાં વ્યાકરણની દ્રષ્ટી સહિતના ૧૩ છબરડા વળ્યાનું શિક્ષણ તજજ્ઞા ડૉ. સંતોષ દેવકરે જણાવ્યું છે.

પરંતુ ગત રોજ યોજાયેલી ધો.૬ થી ૮માં શિક્ષક બનવા માટેની ફરજીયાત ટેટર પરીક્ષામાં પ્રશ્ન નં.૮, ૧૧, ૧૨, ૧૭, ૧૮ સહિત ૧૩ જેટલા પ્રશ્નોમાં પ્રિન્ટીંગમાં છબરડા વળ્યા છે. પેપર સેટર અને પ્રૂફ રીડરે વીજળી ડૂલ થઈ હોય અને પેપરની ચકાસણી કરી હોય તે રીતે કહેવત ને બદલે કહેવાર, શરૂઆતને બદલે શરૂઅત જેવા અગણિત છબરડા જોવા મળ્યા છે. જયારે પ્રશ્ન નં.૩૫ માં ભ્રુકુટી સાચી જોડણી જોડોના સવાલમાં આપેલા જવાબમાં એકપણ સાચી જોડણી નથી જેથી ઉમેદવારોને અન્યાય ન થાય તે માટે પૂરતા માર્કસ આપી દેવા તેવી શિક્ષણ વિભાગ અને રાજય પરીક્ષા બોર્ડને બાયડ તેમજ મોડાસામાંથી ઉમેદવારો અને તેમના વાલીઓએ રજૂઆત કરી છે.

## જનતાનગરની પ્રાથમિક શાળાની દિવાલમાં વીજકરંટ ઉતરતાં છાત્રોમાં અફડાતફડી

ધનસુરા,તા.૨૮

ધનસુરાના જનતાનગરની પ્રાથમિક શાળામાં ભેજના કારણે



દિવાલમાં વીજકરંટ ઉતરતાં દોડધામ મચી જવા પામી હતી.ધોરણ૨માં અભ્યાસ કરતા બાળકને વીજકરંટનો ઝટકો લાગ્યો હતો.શાળામાં બાળકને વીજકરંટનો ઝટકો લાગતાં શાળાના મુ.શિક્ષકે તાબડતોબ વીજકંપનીને અને તા.કે.નીરીક્ષકને જાણ કરી હતી.ચાલુ શાળાએ વરસાદને લઈ દિવાલમાં વીજકરંટ ઉતરતાં દોડધામ મચી જવા પામી હતી.

ધનસુરાની જનતાનગર પ્રાથમિક શાળામાં રાબેતા મુજબ બાળકો શાળામાં આવી ગયા હતા.બે દિવસથી સતત ચાલુ વરસાદના કારણે શાળાની દિવાલો ભીંજાયેલી હતી.જેને લઈ શાળાની દિવાલમાં વીજકરંટ ઉતર્યો હતો. ધોરણ૨માં અભ્યાસ કરતો વિદ્યાર્થી અમીતકુમાર અચાનક જ શાળાના ઓરડાની દિવાલને અડકતાં વીજ ઝટકો લાગ્યો હતો.અમીતને વીજ ઝટકો લાગતાં જ શાળાના બાળકોએ બુમાબુમ કરી મુકી હતી.

આ અંગેની જાણ શાળાના મુખ્ય શિક્ષકને થતાં જ તાત્કાલિક તમામ બાળકોને શાળાની બહાર ખસેડી દીધા હતા. અને તાબડતોબ ધનસુરા વીજકંપનીમાં જાણ કરી હતી. વીજકંપનીમાં જાણ થતાં વીજકંપનીની ટીમ શાળા ખાતે આવી પહોંચી હતી. અને શાળાની મેઈન સ્વીચ બંધ કરી દીધી હતી. શાળાના મુ.શિક્ષકે તાલુકા શિક્ષણાધિકારીને પણ મૌખિક તેમજ લેખિત જાણ કરી હતી. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને જાણ થતાં જ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ શાળાના બાળકોને છોડી મુકવાનો આદેશ કર્યો હતો. શાળાની દીવાલો તેમજ છતના પતરાંમાં વીજકરંટ ઉતર્યો હતો. શિક્ષકોની સમય સુચકતાને લઈ મોટી જાનહાની ટળી હતી.

## ભિલોડા પંથકમાં વરસાદી હેલી

### જીનજીવન પર માઠી અસર : ઠેર-ઠેર વૃક્ષો ધરાશાયી, ટ્રાફીક જામ અને વીજ પુરવઠો બંધ



તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા





ભિલોડા, તા.૨૮

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં સતત ચાર દિવસથી ધોધમાર વરસાદની હેલી જનજીવન ખોરવાયું ભિલોડા સહિત ગામડાઓમાં મોટા-મોટા ઝાડ ધારાશાયી થયા હતા. રસ્તાઓ ઉપર વાહનવ્યવહાર ખોરવાયો હતો. ટ્રાફીકજામ થઈ ગયો હતો. હાથમતી નદી, બુઢેલી નદી, જળાશયો, તળાવો, ચેકડેમો સહિત વાંઘા, કોતરોમાં વરસાદી પાણી બે કાંઠે વહેતા થયા હતા. વીજળીના કડાકા-ભડાકા, પવનના ભારે સુસવાટા સાથે સતત વરસાદ ચાલું રહેતા જનજીવન ખોરવાયું હતું.

ભિલોડાથી ગાંભોઈ ધોરીમાગ ઉપર રીંટોડા ગામ પાસે પીંપળ અને લીંમડાના ઝાડ ધારાશાયી થયા હતા. ભિલોડાથી વિજયનગર ધોરીમાગ ઉપર પરવઠ અને ચિઠોડા પાસે મોટા-મોટા ઝાડ પડી ગયા હતા. જેના કારણે વાહનવ્યવહાર ખોરવાયો હતો.

ભિલોડા તાલુકાના નારણપુર ગામના વયોવધ્ધ વિધવા મંગુબેન તરારનું મકાન સતત વરસાદના કારણે ધારાશાયી થયું હતું. ઠાકોર પરીવાર આજે તો ઉપર આભ અને નીચે ધરતીના સહારે જીવન નિવાહ કરે છે. ભિલોડાના સામાજીક કાયકર સંકેતભાઈ ચૌધરી, ભાવિનભાઈ તબીયાર, સુભાષભાઈ ગોપાત સહિત લોકોએ જણાવ્યું હતું કે, રેસીડેન્ટ વિસ્તારો જેવા કે, ચંદ્રપુરી સોસાયટી, આનંદનગર સોસાયટી, શાંતિનગર સોસાયટી સહિત વિવિધ વિસ્તારોમાં ઠેર-ઠેર ઢીંચણસમા પાણી ભરાયા હતા. સારા વરસાદને કારણે લાખ્ખો રુપીયાના ખચે બનાવેલ રસ્તાઓ બિસ્માર બની જતાં અધિકારીઓ અને કોન્ટ્રાકટરોની પોલ ખુલી ગઈ હતી. ભિલોડામાં ઠેર-ઠેર ગંદુ વરસાદી પાણી ભરાતા રોગચાળો ફેલાવવાની ભીતી સેવાઈ રહી છે. ભિલોડામાં વહીવટી અધકિારીઓ ધ્વારા દવા છંટકાવની કામગીરી કરવાની માંગ ઉઠવા પામી છે.

અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં સતત વરસાદને કારણે જનજીવન ખોરવાયું હતું. ભિલોડા-શામળાજી, ભિલોડા-ઈડર, ભિલોડા ઈડર ધોરીમાગ ઉપર ગાબડા પડી જવાના કારણે વાહનચાલકો ભારે મુશ્કેલીઓ મુંકાયા હતા. શામળાજી-હિંમતનગર નેશનલ હાઈ-વે ઉપર ભયાનક ગાબડા પડતાં નાના-મોટા અકસ્માતો સજાવાની આશંકા સેવાઈ રહી છે.